રજુ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૨૭/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૦

**આંક– ૮**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૪૫/૨૦૨૬**

---

**અરજદાર –** **વૃંદભાઇ મનીષભાઇ ઝાલાવાડીયા,**
ઉ.વ.૨૬, ધંધો–મજુરી,
ઠે. મોટા વરાછા, નીલકંઠ એવન્યુ,
ફલેટ નં.બી/૭૦૪, રે. સુરત.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુઘ્ધ**

**સામાવાળા–** **શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.એમ.મકવાણા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

---

**:: જજમેન્ટ ::**

**(૧)** અરજદાર/આરોપી તરફે હાલની આ અરજી ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૦૦૯/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના નોંધાયેલ ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

**(૨)** અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અગાઉ સહઆરોપીએ એફ.આઇ.આર. આધારિત પ.ફો.અ.નં.૮૨/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ હતી જે નામંજુર કરવામાં આવેલ છે. હાલ અરજદાર/આરોપીએ ચાર્જશીટ બાદની

જામીન ઉપર મુકત કરવા માટેની હાલની આ અરજી કરેલ છે. વધુમાં, દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. મુદ્દામાલ અંગે તેઓ કશુ જાણતા નથી. અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવાનો બાકી નથી. તેમજ તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ હોય, પુરાવા સાથે ચેડા થવાનો કોઈ ભય નથી. અરજદાર/આરોપી ઉપર તેમના કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી સામે આજીવન કે મૃત્યુ દંડની સજાને પાત્ર ગુન્હાના આક્ષેપો નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. સહેલાઈથી મળી આવે તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, સદર ગુન્હાના કામના સહઆરોપી ધ્વારા અગાઉ પ.ફો.અ.નં.૪૩૭/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરતા તે અરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, સદર ગુન્હાની તપાસના કામે અરજદાર/આરોપી સામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. ચાર્જશીટ થઇ જવાથી કોઇ સંજોગો બદલાઇ જતા નથી. જેથી અરજદાર/આરોપીની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ આંક–૬ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. તેમજ રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,

અરજદાર/આરોપી સામે ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૦૦૯/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. આ કામે ફરીયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, સદર ગુન્હાના કામના આરોપીઓએ ગઈ તા.૧૧/૦૧/૨૦૨૬ ના રોજ પાંચટોબરા ગામે થી પીપળવા જતા રસ્તે, ઈન્ડીયન ઓઇલ પેટ્રોલપંપની પાસે જાહેર રોડ ઉપરથી અરજદાર/આરોપી વૃંદભાઈ મનીષભાઈ ઝાલાવડીયા તથા સહઆરોપી અક્ષયભાઈ ગોરધનભાઈ કોસીયાનાઓએ પોતાના કબજા ભોગવટા(હવાલાવાળી) સફેદ કલરની મારુતિ સુઝુકી કંપનીની બલેનો ફોર વ્હીલ કાર રજી. નં.GJ 05 JU 4450 માં ગેરકાયદેસર ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારુનો જથ્થો રોયલ ચેલેન્જ ફીનેસ્ટ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. ની ફોર સેલ ઈન યુ.ટી. ઓફ દાદરા એન્ડ નગરહવેલી એન્ડ દમણ એન્ડ દીવ ઓન્લી બ્રાન્ડની પ્લાસ્ટીકની કંપની સીલપેક બોટલો ભરેલ પેટીઓ નંગ-૨૧ બોટલ નંગ-૧૦૦૮ દારુ લીટર-૧૮૧.૪૪ કુલ કિંમત રૂા.૩,૧૪,૪૯૬/- તથા બલેનો કાર તથા મોબાઈલ ફોન નંગ-૩ સાથે મળી આવી, પકડાઇ જઇ, સહઆરોપીઓએ બંન્નેએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો દમણ ખાતેથી સહઆરોપી સંજય ઉર્ફે બટકો રાજુભાઇ મકવાણાના કહેવાથી સહઆરોપી મનીષ કુશવાહાએ ભરી આપેલ અને તેની પાસેથી વેચાણ અર્થે લાવી આ દારુનો જથ્થો અરજદાર/આરોપી પ્રહલાદ ઉર્ફે નન્નો પ્રેમજીભાઇ ગોહીલને આપવાનો હતો. આમ, સદર ગુન્હાના કામના આરોપીઓએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો વેચાણ અર્થે મંગાવી, લાવી, તેમજ આપી, ગુન્હાહિત કાવત્રુ રચી, એકબીજાની મદદગારીમાં સદર ગુન્હાહિત કૃત્ય આચરેલ હોવાના આક્ષેપો છે. તેમજ અરજદાર/આરોપી ધ્વારા અગાઉ પ.ફો.અ.નં.૮૨/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરવામાં આવતા તે અરજી નામંજુર કરવામાં આવેલ છે. પરંતુ, અરજદાર/આરોપી સામેનો ગુન્હો મોત કે જન્મટીપની સજાને પાત્ર નથી. સદરહું ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ કોર્ટને રહેલી છે. વધુમાં, સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ફોજદારી કેસ નં.૮૨/૨૦૨૬ થી ગારીયાધાર કોર્ટમાં પેન્ડીંગ છે.

અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. આ સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી કુંટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે. અરજદાર/આરોપી કયાંય નાસી–ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું પાલન કરવાનું જણાવી ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપે છે. તેમજ સદર ગુન્હાના કામના સહઆરોપી ધ્વારા અગાઉ પ.ફો.અ.નં.૪૩૭/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરતા તે અરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે અને તેઓને શરતોને આધિન જામીન મુકત કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ઘ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

**(૧)** આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદાર/આરોપી વૃંદભાઇ મનીષભાઇ ઝાલાવાડીયા, ઠે. મોટા વરાછા, નીલકંઠ એવન્યુ, ફલેટ નં.બી/૭૦૪, રે. સુરતનાઓને ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૦૦૯/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના ગુન્હાના કામે અરજદાર/ આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું તથા મોબાઈલ નંબર રજુ કરવો અને ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર સરનામું બદલવું નહી.

(૪) અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેઓએ અસલ પાસપોર્ટ સંબંધિત ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો સોગંદનામાથી અદાલતમાં જાહેર કરવું.

(૫) અરજદાર/આરોપીએ આ પ્રકારના કોઈ પણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૬) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમિત કોર્ટમાં હાજર રહેવું.

(૭) અરજદાર/આરોપી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો તેઓના જામીન રદ થયેલા ગણાશે.

**(૩)** અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમાં જામીન આપવા.

**(૪)** આ હુકમની યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૨૭'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૨૭/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693